



# પરમ દિવ્ય પ્રેરણામૂર્તિ સાધુ પૂ. હિંમત સ્વામીજી પ્રાગટ્યપર્વ
# મંદિરજી દશાબ્દી મહોત્સવ પૂર્ણાહુતિ સત્ર

**૧૭ ઑગસ્ટ ૨૦૨૫, રવિવાર**



સાધુ પૂ. હિંમત સ્વામીજીનાં પૂજન




પૂ. હિંમત સ્વામીજી પ્રતિ સંતોના પ્રેમનાં દર્શન


**મહોત્સવનો** અંતિમ દિવસ-૧૭ ઑગસ્ટ એ અતિ પવિત્ર મંગલકારી દિન ! કારણ કે, પરમ દિવ્ય પ્રેરણામૂર્તિ, દાસત્વભક્તિનું સ્વરૂપ, ઈંગ્લૅન્ડ મંદિરના મહંત એવા દિવ્ય સાધુ પૂ. હિંમત સ્વામીજીનો ૭૦મો પ્રાગટ્યદિન અને મહોત્સવની પૂર્ણાહુતિ ! આજની સભાની શરૂઆત આવાહ્ન, ધૂન, ભજન દ્વારા થઈ. સાધુ પૂ. જયેશદાસજીએ માહાત્મ્યદર્શન પ્રવચન કર્યું અને સ્વામી સાથેના સાધનાની શરૂઆતના પ્રસંગો અને સ્વામીના જીવનમાંથી જે ભક્તિપાઠ શીખ્યા તેનાં વર્ણન કર્યાં. ત્યારબાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાથી લઈને ૧૦મા પાટોત્સવ સુધીની યાત્રા તથા પૂ. હિંમત સ્વામીજી પ્રાગટયદિન નિમિત્તે યુવાનો દ્વારા બનાવેલ માહાત્મ્યદર્શન વિડીયોનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. આ વિડીયો પ્રિયસી- નિષ્ઠા (યુ.એસ.એ.), દેવ-હિરવા (યુ.કે.) દ્વારા અપાર ભક્તિભાવે તૈયાર કરાયા હતા. સાધુ પૂ. હિંમત સ્વામીજીએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજીનાં પૂજન અને પુષ્પહાર અર્પણ કરી પ્રાગટ્યદિનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સાધુ પૂ. જયેન્દ્રદાસજીએ પૂ. હિંમત સ્વામીજીનાં પૂજન કર્યાં. ઈંગ્લૅન્ડના યુવાનો દ્વારા તૈયાર થયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર' લિખિત વિશિષ્ટ હાર સૌ સંતોએ ભેગા મળી સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીને અર્પણ કર્યા. આ સમયે વાતાવરણમાં ખૂબ દિવ્યતા અને સહજ આનંદનાં દર્શન થઈ રહ્યાં હતાં. સૌ સંતોએ પૂ. સ્વામીના પ્રાગટયદિનનો હર્ષ અને ઉલ્લાસ વિશિષ્ટ રીતે એટલે કે પૂ. હિંમત સ્વામીજીને ખભા પર ઊંચકીને વ્યક્ત કર્યો.

પૂ. દિનકરભાઈ, પૂ. વશીભાઈ તથા પવઈ ભક્તસમાજની સ્મૃતિ સાથે પૂ. ભરતભાઈ અને પૂ. અશ્વિનભાઈએ સંતભગવંત સાહેબજી અને પૂ. હિંમત સ્વામીજીને હાર અર્પણ કરી શુભકામનાઓ પાઠવી. ત્યારબાદ દીપકભાઈ દાણી (કૅનેડા) અને ડૉ. પાર્થિવભાઈ મહેતા (ભારત), હિતેશભાઈ ભરખડા (યુ.કે.), દીપેનભાઈ રૂઘાણી (ઑસ્ટ્રેલિયા) દ્વારા પ્રાસંગિક માહાત્મ્યગાન થયાં. આ પ્રસંગે વડીલ ગૃહસ્થ મંડળ તેમજ ઈંગ્લેન્ડના યુવાન ટ્રસ્ટીશ્રીઓએ પૂ. હિંમત સ્વામીજીને હાર અર્પણ કરી પ્રાગટ્યદિનનાં અભિનંદન પાઠવ્યાં. ત્યારબાદ સમગ્ર સમૈયામાં રાત-દિવસ જોયા વગર જેઓએ સેવાઓ કરી તેવા વૅમ્બલી, ઈસ્ટ લંડન, કિંગ્સ્ટન મંડળના સૌ અક્ષરમુક્તોએ પૂ. સ્વામીજીનાં પૂજન કરી, હાર અર્પણ કર્યા અને પૂ. સ્વામીજીને ખભા પર ઊંચકીને





સાધુ પૂ. જયેશદાસજી



સતીશભાઈ ચતવાણી



તૃષિલ



ડૉ. પાર્થિવભાઈ મહેતા



ઊર્જા



દીપકભાઈ દાણી



ભાવિશાબહેન



હિતેશભાઈ ભરખડા



કીર્તિબહેન

હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. ત્યારબાદ ઑસ્ટ્રેલિયા-ન્યુઝીલૅન્ડ મંડળના અક્ષરમુક્તોએ પૂ. સ્વામીજીનાં પૂજન અને હાર અર્પણ કર્યાં. ઘનશ્યામ ફળિયાનાં દેશ-વિદેશનાં બાળકોએ પણ મંચ પર પધારી સ્વામીદાદાને બૂકે અર્પણ કરી, પોતાની ભક્તિ અદા કરી.

નાનકડી દીકરી ઊર્જાએ પોતાની કાલીઘેલી ભાષામાં સૌના વ્હાલા પૂ. સ્વામીદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે મહિમાગાન કર્યું. તૃષિલ (યુ.એસ.એ.), કીર્તિબહેન (યુ.કે.), ધનેશ્વરીબહેન (યુ.કે.), સતીશભાઈ ચતવાણીએ મનનીય મહિમાગાન કર્યાં. ફ્લૉરિડા-યુ.એસ.એ. મંડળના મુક્તો, દુબઈ મંડળના ભક્તો, વૈશ્વિક યુવાનો-યુવતીઓ વતી દેશ-વિદેશના યુવાનેતાઓએ મંચ પર પધારી પૂ. હિંમત સ્વામીજીને પ્રાગટ્યદિનની શુભકામનાઓ પાઠવી. આ ઉપરાંત, ઉપસ્થિત બાળકો, યુવાઓ અને ભક્તોએ પણ સ્મૃતિભેટ, શુભેચ્છા કાર્ડ અને પુષ્પો દ્વારા પૂ. હિંમત સ્વામીજીને વધાવ્યા. આ સભામાં શ્રી શશિભાઈ વેકરિયા, શ્રી રજનીભાઈ કિરોયા, તૃપ્તિબહેન પટેલ (હિન્દુ ફૉરમ, બ્રિટનનાં પ્રમુખ) આદિ પધાર્યાં, તેઓનાં સ્વાગત કરાયાં. તેઓ સૌ વતી તૃપ્તિબહેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં સાધુ પૂ. હિંમત સ્વામીજીની દાસત્વભક્તિનાં દર્શન કરાવ્યાં.

ત્યારબાદ પૂ. હિંમત સ્વામીજીએ પ્રાસંગિક ધન્યભાવ વ્યક્ત કરતાં કહ્યું કે, 'સાહેબદાદા, અશ્વિનદાદા, શાંતિદાદાની છેલ્લાં ૫૦



દીપેનભાઈ રૂઘાણી



તૃપ્તિબહેન પટેલ




ધનેશ્વરીબહેન




વર્ષોની તપશ્ચર્યા, પ્રેમ અને જતનનું જ આ બધું પરિણામ છે. સદ્‌ગુરુ સંતોને આગળ રાખીને બધું કરીએ તો તેઓ જ બધું ગોઠવી દે છે, અશક્ય વસ્તુઓ શક્ય બને છે.'

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સાધુ પૂ. હિંમત સ્વામીના જીવન-માહાત્મ્યને વર્ણવી રાજીપો વરસાવ્યો. વિશેષ તો, મહોત્સવનાં સફળ આયોજન અને સુંદર વ્યવસ્થાપનમાં સૌ સંતો અને સેવકોની સેવા-ભક્તિ અને સમર્પણને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કાર્યને વહેતું રાખવા માટેના ભાવ વહાવી સૌને માર્ગદર્શન અને બળ પ્રદાન કર્યાં. 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના આવતા વર્ષે ૧૫ જુલાઈ-સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને મુક્તાર્પણ કરવાના ઉદ્‌ઘોષ કર્યા ને સમાજ માટેના આ અપ્રતિમ સેવાપ્રકલ્પ માટે સૌને સાથ-સહકાર આપવા અપીલ કરી. આવતા વર્ષનાં ઉત્સવ આયોજન માટે સૌને સેવા-ભક્તિ કરવા બળ મળે તેવી પ્રાર્થના શ્રી પ્રભુચરણે, શ્રી ગુરુચરણે ધરી. આમ, અલૌકિક આનંદ, અપાર સ્મૃતિ અને પરમ દિવ્યતાની અનુભૂતિ સાથે મહોત્સવ સુપેરે સંપન્ન થયો. ન માત્ર આયોજન કે વ્યવસ્થાપન, પરંતુ આધ્યાત્મિક જ્ઞાનને અંતરમાં દૃઢપણે અંકિત કરનાર આ મહોત્સવ સૌ માટે ચિરંજીવ અને યાદગાર બની રહ્યો.


આશિષયાચના અને માર્ગદર્શન : સાધુ પૂ. હિંમત સ્વામીજી

સમગ્ર સમૈયામાં યુવાઓએ લીધેલ જવાબદારી, તેઓ વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતા તથા ટીમ સ્પિરિટથી થતાં સેવાકાર્યોનાં અદ્‌ભુત દર્શન થયાં. પ્રત્યેક વિભાગમાં યુવાઓએ અદમ્ય શ્રદ્ધા અને મહિમાથી ભક્તિ અદા કરી. સમૈયો ઈંગ્લૅન્ડમાં હતો, પરંતુ, ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા આદિ દેશોના યુવાઓએ પણ જવાબદારી સ્વીકારી અદ્‌ભુત ભક્તિ અદા કરી. સૌના અંદરોઅંદરના આવા સમન્વયને સંતભગવંત સાહેબજીએ બિરદાવી ખૂબ રાજીપો વરસાવ્યો. ટ્રાન્સપોર્ટેશન, પાર્કિંગ, સભા અને મંચવ્યવસ્થા, યજ્ઞ વ્યવસ્થા, ઑડિયો અને વિડીયો વિભાગ, ટૅક્નિકલ સેવા, રસોડા વિભાગ, સુશોભન વિભાગ, ઉતારા વિભાગ, પ્રદર્શન અને વેચાણ કેન્દ્ર, પ્રકાશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઇલેક્ટ્રિક વિભાગ આદિ દરેક ક્ષેત્રે અલૌકિક સેવાઓ વહી. સૌનાં હૈયાંમાં એકમાત્ર ભાવના ધબકતી હતી કે, 'સઘળું સંતભગવંત સાહેબજીને રાજી કરવા જ કરવું છે.' અને તે ભાવના સહજ સૌને સ્પર્શી; જેના ખૂબ રૂડા પ્રતિભાવ અને પ્રતિસાદ પ્રાપ્ત થયા. ◆


સંતભગવંત સાહેબજીની દિવ્ય આશિષવર્ષા